# 47

## બંદરો પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ

* 15/4/38 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બંદરો પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

(૧) બંદરો પ્રભાગ માટે વર્ષ વાઈઝ નીચે મુજબ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ.

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૮૯૯૪.૯૪ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૭૧૪૨.૬૧ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૨૨૩૨.૪૭ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૭૮૨૬.૮૩ * |

* વર્ષ–૨૦૨૨–૨૩ માં બજેટ જોગવાઈ સામે સુધારેલા અંદાજો વધારે હોઈ, તે પ્રમાણે બજેટ જોગવાઈ સામે વધારે ગ્રાન્ટ ફાળવેલ છે.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી તેની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૨૨૨૬.૬૯ | ૫.૭૮ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૭૮૨૪.૬૨ | ૨.૨૧ |

વિભાગ પ્રોપરમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ વર્ષનાં અંતે ખાલી રહેવાને લીધે વર્ષ: ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં ફાળવેલ ગ્રાન્ટ સામે ગ્રાન્ટ વણવપરાયેલ છે.